શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૧ • અંક : ૧૯ • તા. ૨૦ ઓક્ટોબર થી ૨૬ ઓક્ટોબર ૨૦૧૮

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, 2, Krishan Kunj, Valaji Ladha Road, Mulund (West), Mumbai - 80.




# પરબ શક્તિ સંજીવની સોસાયટી દ્વારા "સશક્ત સન્નારી" સેમિનાર સફળતાપૂર્વક યોજાયો


સેમિનાર નુ સંચાલન કરતાં શિલ્પા અજાણી


નવકાર મંત્ર ગાતા રિતિકા લાપાસિયા


પરબ પરિચય આપતાં કાશ્મિરા લુઠીયા


સુ શ્રી ભાવિકા વાડ નો પરિચય આપતાં હર્ષા ધરમસી


શ્રી વિજય બીજવાની નો પરિચય આપતાં વિરાજ ધુલ્લા


આભાર પ્રદર્શિત કરતાં ડો. અમી શાહ

મહેનત વગર માનવીનું કૈં મૂલ્ય હોતું નથી,
છે ભાગ્યમાં નોંધયું ઘણું,
પણ શ્રમ વિના મળતું નથી
પ્રારબ્ધ કહી જે ના કરે,
પુરૂષાર્થ દુઃખી જાણવો
ના દોષ દેશો કોઈને,
ઉધમ કરો સૌ માનવો

- અજ્ઞાત



નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services


જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-ઃ સંપાદક ગણ ઃ-**

**નીશિથ આનંદ દંડ**
**જયંત વસનજી છેડા**
**રાજેન્દ્ર મણીલાલ ખોના**
**લક્ષ્મીચંદ લાલજી પોલડીયા**
**પ્રવીણ હંસરાજ લોડાયા**
**તીલોકચંદ નરશી દંડ**
**કિર્તીકુમાર ધનજી ધરમશી**



**-ઃ કાર્યાલય ઃ-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
B-2, Krishana Kunj,
V.L.Road, Mulund (West)
Mumbai - 400 080.
**Tel. 9769991922**
**9833406124**

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
www.kdosamastamahajan.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ ઃ** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


# અમારી વાત...

## સંપાદક સ્થાનેથી

# જીવનની પળપળને મોજથી માણો

માનવી માત્રનો સ્વભાવ છે. બીજાના જીવનમાં ડોકિયું કરવાનું પોતાનું જીવન બહેતર બનાવવા કરતાં બીજાનું બગાડવાનું માનવી માત્રનો સ્વભાવ છે. માનવી પોતાનું જીવન શાંતિમય કેમ વીતાવવું એની ઉપર ધ્યાન આપવાને બદલે બીજાનો જીવન કેમ કષ્ટમય થાય એનો પ્રયત્ન કરે છે. આમ પોતાને માણવા મળેલી અમૂલ્ય પળોને બદલે અન્યોની પળોને બગાડવાના પ્રયત્ન કરે છે. આ વેર છે, ઈર્ષા છે અદેખાઈ છે જે કદી સમવાની નથી કહી શાંત નહી રહે કે, પોતાના જીવને જંપવા નહીં દે.

આમ વિચારો કરવાથી તે પોતાનું નુકસાન કરે છે. પોતાની જ પ્રગતિને અવરોધે છે. બીજાના જીવનમાં દુઃખની જાજમ પાથરવાના વિચારોમાં પોતાના સુખના ફૂલમય રસ્તાને પોતાના પગથી હડસેલી કંટક પાથરેલી જાજમ તરફ આગળ વધે છે. જીવન ક્ષણિક છે, ક્ષણ ભંગુર છે. આપણને ખબર નથી કે આપણા કેટલા શ્વાસ બાકી છે. જીવનની દોર ચલાવનાર બીજો કોઈ છે. તેના ઈશારે આપણે ચાલનારા છીએ. કઈ ઘડીએ દોર ચલાવનાર દોરીને કાપી લેશે એની કલ્પના આપણને નથી. દીવો જ્યારે ઓલવાય છે ત્યારે સૌ કોઈ હવાનો દોષ જુએ છે, વાયરાનો વાંક કાઢે છે પણ કોઈ એની બીજી બાજુ નથી વિચાર તો કે તેલ ઓછું હોવાથી પણ દીવો ઓલવાઈ શકે છે. બેદરકારી, બેફિકરાઈ અને આત્મશ્લધા કે એકલો પ્રકાશ પાથરવા શક્તિશાળી છું એ ગુમાન દીવાને તેલ સાથે દોસ્તી કરાવતું નથી અંતે ઝબૂકી ઝબૂકી દીવો ઓલવાઈ જાય છે.

માનવમાત્ર હમેંશા પોતાનું જીવન મેઘધનુષ્ય જેવું નહીં જણ ખુદના પડાછાયા જેવું બનાવવું જોઈએ. મેઘ ધનુષ ખરેખર સુંદર, રમણીય ભલે હોય પણ એનો આભાસ ક્ષણિક છે. એનો આકાર ભલે રમણીય હોય પણ કાયમી નથી. જ્યારે પોતાના પડછાયો ભલે કાળો હોય. તેનો કદ ક્યારે નાનો કે મોટો હોય પણ તેનો સાથ કાયમી હોય છે. તે ક્યારે દગો દેતો નથી. તે આપણો સાથ ક્યારે છોડતો નથી. માત્ર અંધારો તેનો દુશ્મન છે જે તેને ગ્રસી જાય છે. પણ પડછાયો છે વફાદાર. ભલે કાળો હોય પણ તે હમેંશા આપણી સાથે જ રહે છે. તેથી જ માનવીએ પોતાની જિંદગીને પ્રકાશિત કરવાના પ્રયત્નોને વળગી રહેવું જોઈ નહીં કે બીજાની જિંદગી ને અંધકારયુક્ત બનાવવાના પ્રયત્નો કે તેના સ્વપ્નો પણ ન જોવા જોઈએ.

શાસ્ત્રોમાં કહેવાયું છે સર્વે સુખીના સન્તુ, સર્વે સન્તુ નિરામય, સૌ સુખી થાય, સ્વસ્થ રહે અને આનંદમય જીવન જીવતા રહે એવો ભાવ, એવા વિચાર અને એવા પ્રયત્નો જ આદર્શ માનવજીવનનો હિસ્સો થવો જોઈએ. જે સ્વસ્થ સમાજનો પાયો બની રહે છે.

જય જ્ઞાતિમૈયા

# પરબ શક્તિ સંજીવની સોસાયટી દ્વારા ''સશક્ત સન્નારી'' સેમિનાર સફળતાપૂર્વક યોજાયો

મુંબઇ સ્થિત કે.ડી.ઓ. મહિલા ચેરિટેબલ ટ્રસ્ટ; પરબ શક્તિ સંજીવની સોસાયટીએ સોમવાર, ૧૫ મી ઑક્ટોબરે માટુંગાના નપુ હોલમાં ''સશક્ત સન્નારી'' વિષય પર સેમિનાર આયોજિત કર્યું હતું. આ સેમિનારનું ઉદ્દેશ મહિલા સાહસિકોના પ્રોત્સાહન અને પ્રગતિ માટે વિચાર વિમર્શ કરવાનું હતું.

કારકિર્દી સલાહકાર અને પ્રશિક્ષક ભાવિકા લાડ, અને SME વ્યવસાયના ઉકેલોના વિશેષજ્ઞ, બિઝનેસ કન્સલ્ટન્ટ શ્રી વિજય બિજલાની, તે સેમિનારના મુખ્ય વક્તા હતા.

પોતાની પ્રભાવી અદાથી સ્વાગત પ્રવચન શિલ્પા અજાણીએ કર્યું. મુંબઈના વોર્ડ ૧૭૭ના મ્યુનિસિપલ કાઉન્સિલર શ્રીમતી નેહલ અમર ખોના, આ પ્રસંગે ખાસ આમંત્રિત હતા. રિતિકા લાપસીયા દ્વારા નવકાર મંત્રના ગુંજારવ પછી; શિલ્પાએ તેમનો પરિચય આપ્યો. નેહલે વરિષ્ઠ પરબ સભ્યો સાથે મંગળ દીવો પ્રગટાવ્યો. મીના શાહે નેહલ ખોનાનું બહુમાન કર્યું. પ્રાસંગિક પ્રવચન કરતાં શ્રીમતી નેહલે કહ્યું કે વાસ્તવિક અને કાયમી સશક્તિકરણ માટે, દરેક મહિલાએ દરેક અન્ય મહિલાને ટેકો આપવો જોઇએ. તેણીએ મહિલા સશક્તિકરણ જ સમગ્ર રાષ્ટ્રના સશક્તિકરણ તરફ દોરી શકે તે વિશે ભારપૂર્વક વાત કરી હતી.

પરબના સ્થાપકો પૈકીના એક, કાશ્મિરા લૂઠિયાએ સંસ્થાના ૨૭ વર્ષના ઇતિહાસની ઝળહળતી ઝલક રજુ કરી હતી. પ્રોત્સાહન અને પ્રેરણાના તરંગોથી સમગ્ર વાતાવરણ તરબતર થઈ ઉઠ્યું હતું. કેવી રીતે કેટલીક સશક્ત કે.ડી.ઓ. સ્ત્રીઓએ પોતાની આસપાસની સ્ત્રીઓને સશક્ત બનાવવા માટે સતત ધડપડ કરી હતી અને કઇ રીતે સફળ



સુ શ્રી નહેલ ખોનાનું સન્માન કરતા શ્રીમતી મીના શાહ



શ્રી વિજય બીજલાની નું સન્માન કરતા શ્રીમતી દમયંતી શાહ



સુ શ્રી ભાવિકા લાડનું સન્માન કરતાં શ્રીમતી દત્તા ખીમજી

## પરબ શક્તિ સંજીવની સોસાયટી દ્વારા "સશક્ત સન્નારી" સેમિનાર... (૪થા પાનેથી ચાલુ)

થઈ હતી તે યાદો તાજી થઈ ઉઠી હતી.

હર્ષા ધરમશીએ કાર્યક્રમના પ્રથમ વક્તા ભાવિકા લાડનો વિસ્તૃત વ્યાવસાયિક પરિચય આપ્યો. પરબ તરફથી, દત્તા ખીમજીએ ભાવિકા લાડને સન્માનિત કર્યાં. ભાવિકાએ પોતાના અત્યંત પુરજોશ પ્રેઝન્ટેશન વડે સમજાવ્યું કે સ્વ-જાગૃતિ સાથે સ્વ-સશક્તિકરણ કેવી રીતે આગળ વધે છે. તેમણે એ હકીકત પર ભાર મૂક્યો હતો કે, વ્યક્તિત્વ અને કારકિર્દી વિકાસ બંને સ્વ-વિકાસથી ખૂબ જ અભિન્ન છે અને કારકિર્દીની તકો ઊભી કરવા માટે જિજ્ઞાસા, સાતત્ય, પરિવર્તનક્ષમતા, આશાવાદ અને જોખમ લેવાની હિંમત એ પાંચ કુશળતાઓ આવશ્યક છે.

વિરાજ ધુલ્લાએ શ્રોતાઓને બિજલાનીની કારકિર્દી તથા સિદ્ધિઓનો પરિચય આપ્યો. પરબના 'iron lady' દમયંતી શાહે બિજલાનીનું બહુમાન કર્યું તેમનો વાર્તાલાપ અત્યંત માહિતીપ્રદ હતો. તેમણે નાના વ્યવસાયો માટે બિઝનેસ સ્ટ્રેટેજી અને પ્લાનિંગ, ફાઈનાન્સિયલ મોડેલિંગ, માર્કેટિંગ મેનેજમેન્ટ, પીપલ મેનેજમેન્ટ, સોર્સિંગ મેનેજમેન્ટ, ઓપરેશન્સ મેનેજમેન્ટથી લઈને કોર્પોરેટ ગવર્નન્સ સુધીના ઘણા વિષયોને વ્યાપક રૂપે આવરી લીધા. મહિલાઓએ વેપારમાં રોકાણોની યોજના કેવી રીતે બનાવવી, ધંધો કેવી રીતે વિકસાવવો, નફો કેવી રીતે બહોળો કરવો તે પ્રશ્નો ગૃહઉદ્યોગિનીની દ્રષ્ટિથી, સરળ અને અસરકારક રીતે, સંબોધ્યા હતા. તેમના સાથીદાર કુણાલ જાધવાનીએ વ્યવસાયના નાણાકીય પાસાંને સ્પષ્ટ કરતાં, ભંડોળ કેવી રીતે ભેગું કરવું, અને ભંડોળ કેવી રીતે વાપરવું તેવાં અનેક મુદ્દાઓની ચર્ચા કરી.



મંગલ દીપ પ્રગટાવતાં સુ શ્રી નેહલ ખોના સાથે વરિષ્ઠ પરબ ના સભ્યો



એકગ્રહતા થી શ્રવણ કરતાં શ્રોતાગણ



ચાટની લિજ્જત માણતી મહિલાઓ

શિલ્પા અજાણી દ્વારા તેમની આગવી કાવ્યાત્મક શૈલીમાં આ કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું અને સમાપન ડો. અમી શાહે, છેવટ સુધી ખીચોખીચ ભરેલાં હોલમાં બેઠેલાં, સહુનો આભાર માનીને કર્યું હતું. ચર્ચા પછી ચાટનો આસ્વાદ માણીને, એક નવા આત્મવિશ્વાસનું ભાથું બાંધી લઈને, સહુ છૂટા પડ્યાં.

# પ્રથમ જ્ઞાતિ સંમેલનના ઠરાવો

**ઠરાવ ૧. રજુકર્તા – મુંબઈ મહાજનશ્રીના પ્રમુખ શ્રી ત્રિકમજી દામજી ખોના.**

'પૂજ્ય મહાત્માજીની દોરવણી હેઠળ હિંદુની પ્રજાએ હિંદી રાષ્ટ્રીય મહાસભા દ્વારા સતત પ્રયત્નોને બલિદાનથી હિંદ માટે સ્વાતંત્ર્ય પ્રાપ્ત કર્યું તે માટે આ સંમેલન ગૌરવ લે છે. તથા મળેલી આઝાદી જાળવી રાખવા જેટલી શક્તિ ને બળ આપણને હંમેશ મળે એવી ઈશ્વર પાસે પ્રાર્થના કરે છે.'

**ઠરાવ ૨. રજુકર્તા – મુંબઈ મહાજનશ્રીના પ્રમુખ શ્રી ત્રિકમજી દામજી ખોના.**

'દેશની આઝાદીના લડતમાં ભાગ લેનાર આપણી જ્ઞાતિની બહેનો તથા ભાઈઓને આ સંમેલન હાર્દિક મુબારકબાદી આપે છે.'

**ઠરાવ ૩. રજુકર્તા – શ્રી આણંદજી કાનજી જીવાણી.**

**ટેકો – શ્રી દામજી વેરશી ધરમશી**

'હિંદી સંઘના રાષ્ટ્રિય ધ્વજ માટે હૈદ્રાબાદ સ્ટેટ કોંગ્રેસ તરફથી શરૂ થયેલ સત્યાગ્રહની ચળવળમાં જ્ઞાતિબંધુ સેલુવાલા શ્રી તેજપાર ખીમજીની થયેલ ધરપકડ માટે તેમને આ સંમેલન મુબારકબાદી આપે છે. ને નિઝામ સરકારને રાષ્ટ્રિય ધ્વજનું સંપૂર્ણપણે માન જાળવવા તેમ જ સ્ટેટ કોંગ્રેસ સાથે સમાધાન કરવા તથા હિંદી સંઘમાં જોડાવા આ સંમેલન અનુરોધ કરે છે.'

**ઠરાવ ૪. રજુકર્તા – શ્રી સ્વાગત પ્રમુખ શ્રી હીરાચંદ હીરજી ખેતશી.**

**ટેકો – શ્રી ચિમનલાલ જેઠાભાઈ વર્ધમાન**

'હિંદી સંઘની લોકસભાની કચ્છ, કાઠિયાવાડ તથા ઈડરની સમૂહમાંથી પ્રજાને મળેલી બે બેઠકોમાંથી એક બેઠક માટે પ્રતિનિધિ તરીકે બિનહરિફ ચૂંટાવા બદલ શ્રી ભવાનજી અરજણ ખીમજીને સમસ્ત જ્ઞાતિ તરફતી આ સંમેલન મુબારકબાદી આપે છે. પ્રજાનો જે પ્રેમ અને વિશ્વાસ તેઓ હાલ ધરાવે છે તે કાયમ રાખવામાં તેઓ શ્રી સફળ બને એવી ઈચ્છા આ સંમેલન પ્રદર્શિત કરે છે. કચ્છી પ્રજાને એક બેઠક આપવાની ઉદારતા દાખવવા માટે શ્રી કાઠિયાવાડ પ્રજા પરિષદને આ સંમેલન ધન્યવાદ આપે છે.'

**ઠરાવ ૫. રજુકર્તા – શ્રી હીરજી હંશરાજ શાહ ધમતરીવાલા**

**ટેકો – શ્રી રાયચંદ પિતાંબર નાગડા ખંડવા**

'કચ્છ રાજ્યમાં પ્રજાને જવાબદાર રાજ્ય તંત્ર તાત્કાલિક સ્થાપવા તથા દરમિયાનમાં પ્રજાના બે પ્રતિનિધિઓ અને રાજ્યના એક, એમ ત્રણ સભ્યોની બનેલ પ્રજાને જવાબદાર કામચલાઉ સરકાર રચવા માટે સંમેલન કચ્છના ના. મહારાવશ્રીને આગ્રહભરી વિનંતિ કરે છે.'

**ઠરાવ ૬. રજુકર્તા – શ્રી ઠાકરશી ધરમશી મુનવર રંગપુરવાલા.**

**ટેકો – શ્રી રામજી માણેકજી નાગડા રંગપુરવાલા**

'હિંદી સંઘમાં પોતે જોડાઈ અને કાઠિયાવાડના અન્ય રાજ્યોને પણ જોડાવામાં જે અગ્રગણ્ય ભાગ ના. જામસાહેબે ભજવ્યો છે તે માટે તેમને આ સંમેલન હાર્દિક અભિનંદન પાઠવે છે અને અન્ય પ્રગતિમાન દેશી રાજ્યોની માફક પોતાના રાજ્યમાં પ્રજાને જવાબદાર રાજ્યતંત્ર સ્થાપવા માટે આ સંમેલન આગ્રહભરી વિનંતી કરે છે.'

**ઠરાવ ૭. રજુકર્તા – શ્રી લક્ષ્મીચંદ પુંજાભાઈ જૈન, મુંબઈ.**

**ટેકો – શ્રી હંશરાજ મેઘજી માલાણી, મુંબઈ**

'જુનાગઢ રાજ્યની પ્રજાનો મોટો ભાગ હિંદુ હોવા છતાં તેમના મતને અવગણીને તેમજ તેની ભૌગોલિક સ્થિતિ હિંદી સંઘને અનુકૂળ હોવા છતાં રાજ્ય પાકિસ્તાનમાં જોડાયું તે સામે આ સંમેલન પોતાનો સખત વિરોધ જાહેર કર તે છે. રાજ્યમાં આવેલા આપણા જૈનોના પ્રાચીન પવિત્ર અને મહાન તીર્થ સ્થળોને માટે રાજ્યના પાકિસ્તાની જોડાણથી મોટો ભય ઉભો થયો છે. રાજ્યના પ્રજામત વિરોધી જોડાણ તથા હિંદી સંઘ વિરૂદ્ધની પ્રવૃત્તિ સામે રાજ્યની પ્રજા તરફથી જે આરઝી હકુમત સ્થપાઈ છે તેને આવકારે છે અને તેમના તરફથી જે પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે તેને આ સંમેલન

# પ્રથમ જ્ઞાતિ સંમેલનના ઠરાવો ( ૬ઠ્ઠા પાનેથી ચાલુ)

હાર્દિક ટેકો આપે છે.

**ઠરાવ ૮. રજુકર્તા - શ્રી હંશરાજ દેવજી પટેલ મોટી ખાવડી.**

**ટેકો - શ્રી ત્રિકમજી પત્રામલ મુનવર, જખૌ,**

**શ્રી દેવજી દામજી ખોના**

'શ્રી અચલગચ્છ મુનિમંડળ અગ્રેસર વયોવૃદ્ધ પૂજ્ય ૧૦૦૮ શ્રી ગૌતમસાગરજી મહારાજને શ્રી શાસનની ઉન્નતિ ખાતર અને ગચ્છની રક્ષા કાતર પોતાના સંઘાડામાં વર્ષોથી જે મતભેદો પ્રવર્તિ રહ્યા છે તેનો યોગ્ય નિકાલ લાવવાની આગ્રહપૂર્વક વંદના સાથે સંમેલન વિનંતી કરે છે.'

**ઠરાવ ૯. રજુકર્તા - શ્રીમતિ રાણબાઈ હીરજી**

**ટેકો - શ્રી ચાંપશી ઉમરશી મોમાયા,**

**શ્રી દેવજી દામજી ખોના.**

'અચલગચ્છાધિપતિ, પૂજ્ય ભટ્ટારક ૧૦૦૮ શ્રી જીનેન્દ્ર સાગર સૂરિશ્વરજી ૧૦૦૮ શ્રી ગૌતમ સાગરજી મહારાજ, તેમજ પ્રવર્તિની શ્રી હેતશ્રીજી મહારાજને રવિચંદના સંઘાડાની સાધ્વીજીઓની થઈ પડેલ કફોડી દશા બદલ ચિંતાની લાગણી વ્યક્ત કરવા સાથે આ પ્રશ્નો યોગ્ય નિકાલ લાવવાની આ સંમેલન આગ્રહપૂર્વક વંદના સાથે વિનંતી કરે છે.'

**ઠરાવ ૧૦. રજુકર્તા - શ્રી હીરજી કાનજી મણશી,**

**શ્રી જીવરાજ કરમશી શાહ**

'જ્ઞાતિનો છેલ્લો સવાસો વર્ષોના ઈતિહાસમાં જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા તથા બીજા આગેવાનો, ધનાઢ્યો, દાનવીરો તથા સમાજ સેવકોએ કચ્છ, હાલાર, દેશાવર તથા મુંબઈમાં જ્ઞાતિ હિત માટે જે જે કર્યું છે તે માટે આ સંમેલન તેમની મુક્ત કંઠે પ્રશંસા કરે છે તેમના જીવનનું દૃષ્ટાંત નજર સમક્ષ રાખી તેનું અનુકરણ કરવા તથા જ્ઞાતિ ઉન્નતિ માટે અને જ્ઞાતિમાં સંગઠન કરવા તન, મન, ધનથી તેમજ પ્રમાણિક અને નિસ્વાર્થ બુદ્ધિથી સમાજનું કાર્ય કરવા અને સમાજનું જીવન ધોરણ ઊંચું લાવવાના એક માર્ગ રૂપે વ્યક્તિગત જીવન ન રાખતાં સાંઘિક એટલે સામુદાયિક જીવન અને વર્તન રાખવા જ્ઞાતિભાઈ બહેનોને આ સંમેલન આગ્રહ કરે છે.'

**ઠરાવ ૧૧. રજુકર્તા - શ્રી મેઘજી માલસી દંડ, કોચીન.**

**ટેકો - શ્રી નરશી જેઠાભાઈ સ્લાટ, નાગપુર,**

**શ્રી વેલજી દેશર મોતા, વાંકુ.**

'દેશ દેશાવરની મુંબઈ આવતા જતા જ્ઞાતિ ભાઈઓને માટે ઉતારાની જગ્યાની જરૂરિયાત આ સંમેલન પિછાણે છે અને તે દિશામાં તાત્કાલિક બંદોબસ્ત કરવા શ્રી મુંબઈ મહાજનશ્રીને આગ્રહભરી વિનંતી કરે છે.'

**ઠરાવ ૧૨. રજુકર્તા - શ્રી નાયક જેઠાભાઈ નરશી**

**ટેકો - શ્રી રામજી જેઠાભાઈ લોડાયા, નલીયા,**

**શ્રી કુંવરજી જેઠાભાઈ વીરમ,**

**શ્રી લક્ષ્મીચંદ મુલજી દેવજી, જલગામ,**

**શ્રી લીલાબેન નેણશી ખોના, શ્રી માણેકજી પરબત, શેગાંવવાલા,**

**શ્રી ધનજી ઉમરશી નાગડા, ખંડવા,**

**શ્રી ઠાકરશી રણશી, ધુલીઆ.**

'કચ્છ, હાલાર, દેશાવર તથા મુંબઈના જ્ઞાતિ મહાજનશ્રીનું સંગઠન કરવાનું આ સંમેલનને અતિ આવશ્યક લાગે છે. સઘળાં મહાજનોનું તંત્ર એક સરખા ધોરણ પર ચાલે, એક બીજા મહાજનોનો સહકાર, સંપ તથા ભાતૃભાવની લાગણી વધે તે માટે એક મધ્યવર્તી તંત્ર સ્થાપવાની જરૂરિયાત આ સંમેલન સ્વીકારે છે અને તેવી મધ્યવર્તી સંસ્થા સ્થાપવાનું આજનું સંમેલન ઠરાવે છે.'

# પ્રથમ જ્ઞાતિ સંમેલનના ઠરાવો (૭મા પાનેથી ચાલુ)

**ઠરાવ ૧૩. રજુકર્તા – શ્રી જીવરાજ કરમશી શાહ, પાલીતાણાવાલા**

**ટેકો – શ્રી દેવશી વીરજી ખોના,**

**શ્રી વસનજી રાયશી લોડાયા, રંગપુરવાલા.**

'જ્ઞાતિ ઈતિહાસનું યોગ્ય સંશોધન કરી, તે પ્રસિદ્ધ કરવા આ સંમેલન મધ્યસ્થ મહાજનને ભલામણ કરે છે.'

**ઠરાવ ૧૪. રજુકર્તા – શ્રી જેઠાભાઈ દેવજી નાગડા.**

**ટેકો – શ્રી મેઘજી વેલજી મોતા.**

'મધ્યસ્થ મહાજન તથા તેના સભ્યો વચ્ચેનો સંપર્ક જાળવી રાખવા સમસ્ત જ્ઞાતિ અંગે કરવામાં આવતા ઠરાવો તથા નિર્ણયોની જાણ તથા તેમજ તેના પ્રચાર વગેરે માટે એક સામયિક મુખપત્ર પ્રગટ કરવાનું આસંમેલન યોગ્ય ધારે છે. તે માટે સઘળી વ્યવસ્થા તથા બંદોબસ્ત કરવા મધ્યસ્થ મહાજન ભલામણ કરે છે.'

**ઠરાવ ૧૫. રજુકર્તા – શ્રી પુનશી દામજી ખોના**

**ટેકો – શ્રી લાલજી ઘેલાભાઈ શાહ, રાયપુર.**

'જ્ઞાતિના સઘળાં જાહેર, સખાવતી, ધાર્મિક કેમ જ સમાજોપયોગી ટ્રસ્ટોની વિગતવાર માહિતી તૈયાર કરી તે જ્ઞાતિ સમક્ષ ધરવાની મધ્યસ્થ મહાજનને આ સંમેલન ભલામણ કરે છે.'

**ઠરાવ ૧૬. રજુકર્તા – શ્રી રાયચંદ પિતાંબર નાગડા, ખંડવા.**

**ટેકો – શ્રી મેઘજી વેલજી મોતા.**

'જ્ઞાતિભાઈઓમાં સહકારી ધોરણ કાર્ય કરવા જ્ઞાતિ ભાઈઓની આર્થિક સ્થિતિની સુધારણા શક્ય બને તે માટે સહકારી ભંડારો, વીમા યોજના, સહકારી હાઉસીંગ સોસાયટી, સહકારી બેંક વગેરે સ્થાપવા અંગે વિચારણા કરી એક યોજના તૈયાર કરી તેને તાત્કાલિક અમલમાં મૂકવા આ સંમેલન મધ્યસ્થ મહાજનને ભલામણ કરે છે.'

**ઠરાવ ૧૭. રજુકર્તા – શ્રી લાલજી ઘેલાભાઈ શાહ, રાયપુર.**

**ટેકો – શ્રી ધનલક્ષ્મી વેરસી મૈશેરી, વીરચંદ વાલજી મોમાયા.**

'જ્ઞાતિમાં સર્વાંગી કેળવણી અંગે વધુ પ્રયત્નશીલ બનવા માટે તેમજ હુન્નર ઉદ્યોગોના શિક્ષણ તરફ ખાસ ધ્યાન આપવા માટે તથા જ્ઞાતિના બંને છાત્રાલયોના કાર્યક્ષેત્રનું બની શકે તો એકીકરણ કરવાના પ્રયત્નો કરવા માટે તેમ જ જ્ઞાતિમાં એક બાલિકાશ્રમ સ્થાપવા માટે કાર્ય કરવા તથા જ્ઞાતિની સઘળી શિક્ષણ આપતી સંસ્થાઓને દોરવણી આપવા એક પેટા સમિતિ નીમવા આ સંમેલન મધ્યસ્થ મહાજનને ભલામણ કરે છે.'

**ઠરાવ ૧૮. રજુકર્તા – શ્રી ઉમરશી જેઠાભાઈ કુરવા.**

**ટેકો – શ્રી શિવજી તેજપાળ ચાલીસગામ.**

**શ્રી ત્રિકમજી દામજી ખોના**

'જ્ઞાતિના સર્વ દિશિય વિકાસ અર્થે સામાજિક રીતરિવાજોમાં આધુનિક પરિસ્થિતિને યોગ્ય એવા સુધારા વધારા તૈયાર કરી તે અમલી બનાવવા મધ્યસ્થ મહાજનને આ સંમેલન ભલામણ કરે છે.'

**ઠરાવ ૧૯. રજુકર્તા – શ્રી દામજી જેઠાભાઈ લોડાયા જે.પી.**

**ટેકો – શ્રી ખેતશી ભોજરાજ, અમરાવતી.**

'હાલમાં જ્ઞાતિના વેપારીવર્ગનો મોટો ભાગ મિડલમેન તરીકે એટલે ઉત્પાદન કરનાર અને વપરાશ કરનાર વચ્ચેની વ્યક્તિ તરીકે ધંધો કરે છે અને ઔદ્યોગિક ક્ષેત્રમાં બહુજ ઓછા રસ લે છે તેથી હુન્નર ઉદ્યોગના ક્ષેત્રમાં પ્રવેશ કરી ધંધો ખિલવવા તરફ જ્ઞાતિના વેપારી વર્ગ, શ્રીમંત વર્ગ તેમજ જ્ઞાતિબંધુઓનું લક્ષ આ સંમેલન ખેંચે છે.'

**ઠરાવ ૨૦. રજુકર્તા – શ્રી હીરજી ભોજરાજ લુઠીયા.**

**ટેકો – શ્રી લીલાધર આણંદજી મૈશેરી**

'નોકરી અગર મહેનત મજૂરી વડે આજીવિકા મેળવનાર જ્ઞાતિ બહેનોને યોગ્ય દોરવણી મળે તે માટે (Employment

# પ્રથમ જ્ઞાતિ સંમેલનના ઠરાવો (૮મા પાનેથી ચાલુ)

Exchange) ધંધો મેળવી આપવાની એક કચેરી સ્થાપવા આ સંમેલન મધ્યસ્થ મહાજનને ભલામણ કરે છે.'

**ઠરાવ ૨૧. રજુકર્તા – શ્રી વેરશી માડણ મૈશેરી.**

**ટેકો – શ્રી માણેકજી પરબત શેગામવાલા,**

**શ્રી મેઘજી વેલજી મોતા,**

**શ્રી ત્રિકમજી પદમશી નાગડા**

'જ્ઞાતિના વેપારી વર્ગને તથા જ્ઞાતિ સંસ્થાઓ તેમજ ટ્રસ્ટ ફંડોના સંચાલકોને તેમને ત્યાં કામ કરતા નોકર વર્ગ માટે આકસ્મિક રજા, હક્કની રજા, માંદગીના કારણે ચડતે પગારે રજા, બચત ફંડ, જિંદગીના વીમાની યોજના વગેરે નિયમોનું ધોરણ તાત્કાલિક દાખલ કરવા આ સંમેલન આગ્રહભરી ખાસ ભલામણ કરે છે.'

**ઠરાવ ૨૨. રજુકર્તા – શ્રી માણેકજી ધનજી દંડ**

**ટેકો – શ્રી દામજી રતનશી મોમાયા વારાપધરવાલા,**

**શ્રી શિવાજી તેજપાર ચાલીસગામ,**

**શ્રી નાથાલાલ રૂપશી.**

'ખેતી કરનાર જ્ઞાતિ કુટુંબોને શક્ય સ્થળે વસાવવા અને આધુનિક ઢબે સહકારી ધોરણે ખેતીવાડીની પ્રવૃત્તિ હાથ ધરવા તેમજ તેવી યોજના તૈયાર કરી તેને અમલમાં મૂકવા એક સમિતિની તાત્કાલિક નિમણૂંક કરવા આ સંમેલન મધ્યસ્થ મહાજનને ભલામણ કરે છે.'

**ઠરાવ ૨૩. રજુકર્તા – શ્રી દેવજી દામજી ખોના.**

**ટેકો – શ્રી નારાણજી નરશી શાહ, બારસી.**

'જ્ઞાતિ બંધુઓના વહીવટ હેઠળના તમામ જૈન દેરાસરોના વહીવટ ઉત્તમ ધોરણે થાય તે માટે તથા વખતોવખત ઉભી થતી અડચણોને દૂર કરવા તથા જરૂર જણાય ત્યાં જીર્ણોદ્ધારની પ્રવૃત્તિ હાથ ધરી તે કાર્ય પાર પાડવા એક 'મંદિર સંરક્ષણ સમિતિ' સ્થાપવાની આ સંમેલન મધ્યસ્થ મહાજનને ભલામણ કરે છે અને સમિતિને દરેક સહાકાર આપવા માટે સઘળા જ્ઞાતિબંધુઓને ખાસ આગ્રહ કરે છે.'

**ઠરાવ ૨૪. રજુકર્તા – શ્રી જેઠાભાઈ દેવજી નાગડા.**

**ટેકો – શ્રી ચત્રભોજ કુંવરજી પટેલ.**

'સરહદ કમિશન અમલી બન્યા બાદ થયેલા ભયંકર તોફાનોમાં સપડાયેલા આપણા જ્ઞાતિ બંધુઓ તેમજ અન્ય હિંદી જનોને થયેલ જાનમાલની ખુવારી તથા તેમને વેઠવી પડેલી અસહ્ય યાતનાઓ પ્રત્યે આ સંમેલન પૂરી હમદર્દી બતાવે છે.'

**ઠરાવ ૨૫. રજુકર્તા – શ્રી જેઠાભાઈ હીરજી મેપાણી.**

**ટેકો – શ્રી જેઠાભાઈ દેવજી નાગડા.**

'કચ્છમાં તથા જે જે ગામમાં આપણી વસતી હોય અને જ્યાં જ્યાં શિક્ષણ શાળા ન હોય ત્યાં શિક્ષણ શાળાનો પ્રબંધ કરવા આ સંમેલન મધ્યસ્થ સમિતિને ભલામણ કરે છે.'

**ઠરાવ ૨૬. રજુકર્તા – શ્રી નાયક જેઠાભાઈ નરશી.**

**ટેકો – શ્રી ત્રિકમજી દામજી ખોના, શ્રી રતનશી દામજી ખોના.**

'આ સાથે જોડેલ પરિશિષ્ટ અ (૧૪)માં આલેખ્યા પ્રમાણેનું મધ્યવર્તી સંસ્થાનું બંધારણ આ સંમેલન માન્ય રાખે છે અને તેને સવંત ૨૦૦૪ના કારતક સુદ ૧ થી અમલી બનાવવા ઠરાવે છે. અને તે અનુસાર પ્રાંતિક મહાજનો સ્થાપવાને તેમજ તેને અમલી બનાવવાનો તથા બંધારણ અનુસાર મહાસમિતિના સભ્યોની ચૂંટણી કરી બે માસમાં મધ્યસ્થ મહાજન સંસ્થાને તેની જાણ કરવાને આ સંમેલન સઘળા મહાજનોને કાર્ય કરવાની ભલામણ કરે છે. સવંત ૨૦૦૪ મહા વદ ૩૦ સુધીમાં જુદા જુદા મહાજનો તરફથી જે જે સુધારા વધારા સૂચવવામાં આવે તે લક્ષમાં લઈ મહાસમિતિએ બંધારણમાં યોગ્ય કરવું.'

## પ્રથમ જ્ઞાતિ સંમેલનના ઠરાવો (૯મા પાનેથી ચાલુ)

**ઠરાવ ૨૭. રજુકર્તા – શ્રી રાયમલ હંશરાજ ધરમશી ખામગામવાલા.**
**ટેકો – શ્રી દામજી દેવશી ગદગવાલા,**
**શ્રી ઠાકરશી રણસી ધુલીઆવાલા.**

'મધ્યસ્થ મહાજનના સભ્યોના પેટા મહાજનો માટે આ સાથે જોડેલ પરિશિષ્ટ બ (૧૪)માં આલેખ્યા મુજબ બંધારણ, સ્થાનિક સંજોગોને લક્ષમાં લઈ ઘટતા સુધારા વધારા સાથે તાત્કાલિક અમલમાં મુકવા આ સંમેલન ભલામણ કરે છે.'

**ઠરાવ ૨૮. રજુકર્તા – શ્રી હંશરાજ મેઘજી ગાલાણી.**
**ટેકો – શ્રી પદમશી દામજી ખોના.**

'પસાર થયેલા સઘળા ઠરાવો ઘટતે સ્થળે મોકલી આપવાની આ સંમેલન પ્રમુખશ્રીને સત્તા આપે છે.'

ઠરાવ નં.૨૪ના અનુસંધાનમાં પ્રમુખસ્થાનેથી શ્રી ભવાજીભાઈએ સંમેલનવતી રમખાણ પિડીતોની સહાય માટે રૂ.૫૦૦૦/-ની રકમ પૂ.મહાત્મા ગાંધીજીને મોકલવાની એક ગૃહસ્થ તરફથી જાહેરાત કરી હતી.

મધ્યસ્થ મહાજનના બંધારણના ખરડાને સંમેલનની વિષય વિચારણા સમિતિમાં રાતના ૯ થી છેક સવારના ૪.૧૫ સુધી ચર્ચાઓ થઈ અને સર્વાનુમતે મંજૂર થયો હતો.

શિક્ષણ માટે શરૂ થયેલ ફાળામયાં લગભગ રૂ.૩,૨૫,૦૦૦/-ના ફાળાની જાહેરાત થઈ હતી.

શ્રી ઝવેરબાઈ શિવજી વેલજી ગોધરાવાલાએ પોતાના સ્વ. પતિની યાદમાં રૂ.૪૦,૦૦૦/- રકમ સેનેટરીઅમ અગર સસ્તા ભાડાના મકાનની યોજના શરૂ થાય તો તેમાં આપવા ઈચ્છા દર્શાવી હતી.

---


## ભરો ફોર્મ... ઓનલાઈન : નારી શક્તિ ૨૦૧૮ રજીસ્ટ્રેશન લીંક

**https://docs.google.com/forms/d/e/1FAIpQLSfCpag5hr46HHZQE3XLCfB5OaGRV_DUxgkv6_Vg4P8r_ywN_g/viewform**

**ઓપન કરી અને ફોર્મ સબમીટ ૨૫ ઓક્ટોબર ૨૦૧૮ સુધી કરશો.**

નારી શક્તિ 2018

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન

### નારી સશક્તિકરણ સમિતિ આયોજિત

# નારી શક્તિ ૨૦૧૮

### તાઃ ૨૩ ડિસેમ્બર ૨૦૧૮ થી ૨૫ ડિસેમ્બર ૨૦૧૮માં સહભાગી થાવ

**યોગ્યતાના ધોરણે ૩૦૦ મેમ્બરોને આમંત્રણ આપવામાં આવશે.**

આ સેમિનારનું મુખ્ય આકર્ષણ આમાં હેલ્થ, કાયદાકીય, નાણાંકીય વિષયક જાગૃતિ, વ્યાપાર રોજગારમાં પ્રગતિ, પ્રેરણાયીક વિચારો સાથે વ્યક્તિત્વ વિકાસ વિશે માર્ગદર્શન અપાશે. ★ એન્ટ્રી નિશુલ્ક ★ નોંધણી ફરજિયાત

**ફોર્મ ભરવાની છેલ્લી તા. ૨૫ ઓક્ટોબર ૨૦૧૮**

**વિગતો માટે સંપર્ક કરો :**

**મનીષભાઈ લોડાયા – ૯૭૬૯૯ ૯૧૯૨૨**

# આશ્વ એથનિક્સ

## પ્રસંગ પરિધાનનું મથક

શેરવાની • કુર્તા • જેકેટ્સ • સુટ



પુરૂષોની પ્રથમ પસંદગી
ગ્રાહકની ઈચ્છા માંગ અને
જરૂરિયાત અનુરૂપ
પૌરૂષત્વને નિખારતું પરિધાન
એકવારની મુલાકાત –
સદાયનો થશે સંગાથ

**ફેક્ટરી આઉટલેટ**
બી–૫૭, શાંતિ ઈન્ડસ્ટ્રીઝ,
સરોજીની નાયડુ રોડ,
તાંબેનગર,
મુલુંડ(વેસ્ટ)

વિશિષ્ટતા
કસ્ટમાઈઝડ
ડિઝાઈન

સમય : સવારે ૧૧.30 થી ૮.00
(ગુરૂવારે બંધ)

વધુ વિગત માટે સંપર્ક
**Call : 8169873626**

**ખાસ વિશિષ્ટતા**
ચુડીદાર સુટ, શેરવાની સુટ અને ધોતી સુટ, સ્પે.રાજનીતિ મોદી સુટ

# રાણપુર કચ્છ મધ્યે નૂતન જિનાલયમાં શ્રી મહાવીરસ્વામીજી આદિ ભગવંતોની પુનઃપ્રતિષ્ઠાના ચડાવા





તા.૧૮-૧૦-૨૦૧૮, ગુરૂવાર આસો સુદ-૧૦ના સવારના ૯.00 કલાકે શેઠશ્રી ધનજી દેવશી રાષ્ટ્રીય શાળા, ઘાટકોપર(ઈસ્ટ) મધ્યે રાણપુર-કચ્છમાં નૂતન જિનાલયમાં શ્રી મહાવીરસ્વામીજી (મૂળનાયક) તથા શ્રી પાર્શ્વનાથ ભગવાન અને શ્રી શાંતિનાથ ભગવાનના પુનઃપ્રતિષ્ઠા ત્રિહાન્હિકા મહોત્સવ (તા.૧૩,૧૪ તથા ૧૫ ફેબ્રુઆરી ૨૦૧૯) દરમ્યાનના વિવિધ ચડાવાનું શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો દ્વારા આયોજન કરવામાં આવેલ.

સવારે ૮.૩૦ થી ૯.૩૦ નવકારશીનો રાણપુર ગામવાસીઓ, ટ્રસ્ટીશ્રીઓ, શ્રી મુંબઈ મહાજનના વ્યવસ્થાપક સમિતિના સભ્યો તથા પધારેલ જ્ઞાતિજનોએ લાભ આપી, શ્રેષ્ઠીશ્રીઓ દ્વારા શેઠશ્રી નરશી નાથા, શ્રી અનંતનાથ ભગવાન તથા શ્રી મહાકાળી માતાજીની છબીને હારારોપણ તથા દીપ પ્રાગટ્ય કર્યા બાદ કલાકારો દ્વારા શ્રી નમષ્કાર મહામંત્રનું પઠન કરવામાં આવેલ. ઘાટકોપર મધ્યે ચાતુર્માસાર્થે બિરાજમાન પરમ પૂજ્ય સાધ્વીશ્રી મુક્તિવર્ષાશ્રીજી મ.સાહેબે નિશ્રા આપેલ. સામૂહિક વંદન કર્યા બાદ પૂજ્યશ્રીએ માંગલિક તેમજ ચડાવાના પ્રસંગ અનુરૂપ દ્રષ્ટાંત આપી શાસનાધિપતિ મૂળનાયક શ્રી મહાવીરસ્વામી ભગવાનની પુનઃપ્રતિષ્ઠામાં મન મૂકીને ઉલ્લાસભાવે વરસવાનું આવ્હાન/પ્રેરણા કરેલ. શ્રી કેવલ સાવલા વિધિકાર તથા ગાયક કલાકાર શ્રી પ્રદિપ જોષી દ્વારા ચડાવાની શરૂઆત કરવામાં આવેલ.

નાનકડું રાણપુર ગામ, મર્યાદિત હાજરી પરંતુ ગામવાસીઓનું વિશાળ હૃદય તેમજ જિનાલય તથા મૂળનાયક શ્રી મહાવીરસ્વામી ભગવાન પ્રત્યેની અતૂટ શ્રદ્ધાએ વિવિધ ચડાવા ઉત્કૃષ્ટ ઉછામણીએ ભાવિકો, ગામવાસી શ્રેષ્ઠીઓ દ્વારા લેવામાં આવ્યા. રાણપુર ગામમાં ૧૨૪ વર્ષે પૂર્વે વડીલશ્રી કુંવરજી શામજી વિકમશી પરિવારે જિનાલયમાં મહત્તમ ફાળો આપી નિ



## રાણપુર કચ્છ મધ્યે નૂતન જિનાલયમાં શ્રી મહાવીરસ્વામીજી... (૧૨મા પાનેથી ચાલુ)




ર્માણ કરાવેલ તેમ પુનઃપ્રતિષ્ઠા મહોત્સવમાં પ્રભુજીને કરવાનો તથા ધ્વજા લહેરાવવાનો ચડાવો એમના પરિવારના સભ્યોએ વડીલોના પ્રરૂપેલા માર્ગે સુકૃત્ય કરી લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી સિંહફાળો આપી આજના દિવસે વડિલોને સ્નેહાંજલિ-આદરાંજલિ અર્પી જિનશાસન પ્રત્યે અહોભાવ દર્શાવ્યો. પ્રથમ દિવસે મહેતાજીનો ચડાવો સુજાપરના શ્રી જયમન લેરીન ખોના તથા ભાગ્યશાળી ચડાવા લાભાર્થીઓને તિલક-બહુમાન કરવાનો ચડાવો, રાપર ગઢવારીના માતુશ્રી ગુણવંતીબેન







## રાણપુર કચ્છ મધ્યે નૂતન જિનાલયમાં શ્રી મહાવીરસ્વામીજી... (૧૩મા પાનેથી ચાલુ)




ભોજરાજ નાગડા તથા જખૌ ના માતુશ્રી મિનાક્ષીબેન મુલચંદ સોનીએ સંયુક્ત લીધેલ. મુખ્ય ચડાવામાં મૂળનાયક મહાવીરસ્વામી તથા શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા તથા ધ્વજા લહેરાવવાનો ચડાવો શ્રી કુંવરજી શામજી વિક્રમશી પરિવારે લીધો. શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિષ્ઠાનો ચડાવો, માતુશ્રી માનબાઈ દેવજી ખીમજી મોમાયા પરિવારે લીધો. પ્રતિષ્ઠા પત્રિકા લિખિતંગનો ચડાવો શ્રી અનંતનાથજી દેરાસર ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ તથા શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈના અધિકારીઓ દ્વારા લેવામાં આવેલ.

સાધારણ નકરા-ક્ષત્રિયકુંડ નગરી, શેઠશ્રી નરશી નાથા ભોજન મંડપ, મહાવીરસ્વામી વિધિમંડપ તેમજ ત્રણે દિવસના સાધર્મિક ભક્તિના નકરા રાણપુરના વિવિધ શ્રેષ્ઠીશ્રીઓ દ્વારા સહજભાવે લખાવવામાં આવ્યા જેથી સાધારણ ખાનામાં તોટપ ન આવે. રાણપુર ગામના શ્રેષ્ઠીઓ, નિયાણી બહેનો તથા પધારેલ જ્ઞાતિજનોની ભૂરી ભૂરી અનુમોદના...

# જાહેર વિજ્ઞપ્તિ

**શ્રી કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિજનો જોગ,**

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજનના દરેક મહાજનોને જ્ઞાત જ હશે કે આપણી જ્ઞાતિનું ચર્તુથ સંમેલન ૨૭ વર્ષના વહાણા બાદ કચ્છ-નલીયા ખાતે યોજાઈ રહ્યું છે. કચ્છમાં સંમેલનનું આયોજન કરવું ભગીરથ કાર્ય છે. કચ્છના અન્ય મહાજનો/સંસ્થાઓ તથા સૌ જ્ઞાતિજનોના સથવારે આપણે આ કાર્યને પહોંચી વળશું. આ સંમેલનમાં પ્રતિનિધિ તરીકે સામેલ થવા માટે આપણા દરેક મહાજનોને પત્ર સાથે ફોર્મ મોકલેલ છે. 'દર દશ (૧૦) ઘર દીઠ એક પ્રતિનિધિ' મુજબ પ્રતિનિધિની નિમણુંક કરવાની હોઈ આપના સ્થાનિક મહાજનનો સંપર્ક કરી આપનું પ્રતિનિધિ તરીકેનું ફોર્મ ભરી રજીસ્ટ્રેશન કરાવી લેશો તથા દરેક મહાજનશ્રીઓને પણ વિનંતી છે કે તેઓ પ્રતિનિધિના ફોર્મ ભરીને જલ્દીથી જલ્દી શ્રી સમસ્ત મહાજનની મુલુંડ ખાતેની ઓફીસે મોકલશો. શરતચૂકથી અગર કોઈ મહાજનને ફોર્મ ના મળી શક્યું હોય તો તેઓ gyatimaiya2018@gmail.com પર પોતાની mail id પર થી mail કરશો તો તમોને તુરંત ફોર્મ મેલ દ્વારા મોકલી શકીશું. આ સંમેલનમાં નારી શક્તિ ૨૦૧૮ તથા યુથ ફેસ્ટ ૨૦૧૮નું પણ આયોજન કરવામાં આવેલ છે. જેમાં ભાગ લેવા માટે ગુગલ ફોર્મની લીંક આ અંકમાં સામેલ હોઈ જલ્દીથી જલ્દી રજીસ્ટર કરી આપનું સ્થાન સુનિશ્ચિત કરી લેશોજી.

આપના સાથ-સહકારની અપેક્ષા સહ :

**શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન,**

**૨, બી-વિંગ, કૃષ્ણકુંજ બિલ્ડીંગ, વાલજી લધા રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.**

**સંપર્ક : મનિષ લોડાયા : ૯૭૬૯૯૯૧૯૨૨**

# મુમુક્ષુ મનોજભાઈનું ભાંડુપ સંઘમાં બહુમાન કરાયું



ભાંડુપ સંઘમાં મુમુક્ષુ મનોજભાઈનું બહુમાન ગચ્છાધિપતિશ્રીની પુનિત નિશ્રામાં કરાયું. મુમુક્ષુની દિશા મહોત્સવ બારમેડ-રાજસ્થાન મધ્યે છે.








**Gallery of Designer Customized Photo Framing at IIT, POWAI.**

Larin Khona
(Sujapar)

anmol
COLLECTION

ART & FRAMES

ORIGINAL PAINTING | CUSTOM FRAMING | FINE ART MATERIALS

/anmolartnframes +91 98692 73314 info@anmolartnframes.com

# શ્રી અનંતનાથ જિનાલયે તપશ્ચર્યા અનુમોદના કરાઈ



શ્રી અનંતનાથ જિનાલયે ચાતુર્માસાર્થે બિરાજમાન અચલગચ્છાધીપતીશ્રી તપચક્રવર્તી પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસુરીશ્વરશ્રીજી મ.સા.ના આજ્ઞાવર્તિની પ.પૂ.સાધ્વીજી અરૂણપ્રભાશ્રીજી મ.સા.ના શિષ્યા 'પ.પૂ. સાધ્વીજી નંદીવર્ધનાશ્રી મ.સા. આદિ ઠાણા-૪ માંના પ.પૂ.સાધ્વીજી પ્રશમરસાશ્રી મ. સાહેબ ના શિષ્યા સૌના લાડીલા કોકિલકંઠી પ.પૂ. સાધ્વીજી પુણ્યવંતાશ્રીજી મ. સા. ૫૦૨ દિવસ પૂર્વેઆદરેલ એકાસણા આસો સુદ ૯ ને બુધવારે ૫૦૧ એકાસણાપૂર્ણ કરી તા.૧૮.૧૦.૧૮ ગુરુવારઆસો સુદ ૧૦ ને દશેરાના શુભદિવસે પારણું કરેલ.

પ્રાત ૭.૧૫ કલાકે શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ, શ્રી અનંતનાથદેરાસરજી ટ્રસ્ટ તથા મસ્જિદ બંદર સંઘ દ્વારા પૂજ્યશ્રીને પારણું કરાવવા આયોજન કરાયેલ. પૂજ્યશ્રીના ભક્તોવહેલી સવારે ગોરેગામ, મલાડ, ઘાટકોપર, વસઈ, નાલાસોપારા, ડોમ્બીવલી, મુલુંડથી બહોળી સંખ્યામાં પધારી પ્રસંગમાં અભિવૃધ્ધિકરેલ તથા ચીંચબંદર સંઘમાં ચાતુર્માસ બિરાજમાન પ.પૂ.સાધ્વીજીધર્મપ્રિયશ્રીજી મ. સા. તથા પ. પૂ. સાધ્વીજી નવકારપ્રિયાશ્રીજી મ. સાહેબે નિશ્રા આપેલ.





## શ્રી અનંતનાથ જિનાલયે તપશ્ચર્યા અનુમોદના કરાઈ (૧૬મા પાનેથી ચાલુ)





ઉપાશ્રય હોલમાં પ્રથમ સર્વે મહાત્માઓને સામુહિક વંદન કરી રાજેશ રાયચંદ છેડા દ્વારા પ્રાસંગિક રૂપરેખા આપવામાં આવેલ તેમજ સૌને આવકાર અપાયેલ. ત્યારબાદ મુંબઈ મહાજનના માનદ મંત્રી રમેશ હીરજી લોડાયા દ્વારા વક્તવ્ય અપાયેલ.મુંબઈ મહાજનશ્રી તથા શ્રી મસ્જિદબંદર સંઘવતી બહેનો તેમજ મહાજનશ્રીના પ્રમુખશ્રી તથાસંઘ અધિકારીઓ દ્વારા પૂ.સાધ્વીજી પુણ્યવંતાશ્રી મ.સા. ના સંસારી માતુશ્રી મીનાબેન ભૂપેન્દ્ર ગાલા,મેરાઉનું સન્માન કરવામાં આવેલ.

શાંતજીનના પ્રમુખ જયેશભાઇ જૈને પ્રાસંગિક સંબોધન તેમજ મેરાઉના લક્ષ્મીચંદ દેઢીયા અનુમોદન વ્યક્ત કરેલ.પુજ્યશ્રીએ પ્રેરણાદાયક તપશ્ચર્યા અનુલક્ષી માંગલિક દ્વારા સંબોધન,પચ્ચખાણ આપી સકળ સંઘ,સાધ્વીજી ભગવંતો સાથે શોભા યાત્રા પૂર્ણ કરી જિનાલાયની સામે અનંત સદનમાં પૂજયશ્રીને સકળ સંઘના ભાવિકોએ વહોરાવવાનો લાભ લીધેલ.

સંઘના ભાવિકો,ગુરુભક્તો દ્વારા આનાફોડથી માંગલિક બાદ ૧૫૦ રૂપિયાનું સંઘપૂજન કરવામાં આવેલ.

શ્રી ક.દ.ઓ.મસ્જિદબંદર જૈન સંઘ દ્વારા આયોજેલ નવકારશીનો લાભ લઇ સૌ ભાવિકો, ગુરૂભક્તોએ વિદાય લીધેલ.






**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 9769991922**

**Read E-Paper @ www.kdosamastamahajan.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**B-2, Krishana Kunj, V.L.Road, Mulund (West) Mumbai - 400 080.**

*World is changing rapidly...*

*Todays everything is available on one CLICK at our door steps....*

# KDO B2B

has formed a platform for our own KDO community to multiply our business Opportunities.

## Lets all take one step to digitise our kdo businesses by connecting them in the thread of KDO B2B.

*Lets transform our businesses by taking them to the next level. And first step is to simply click the link given below and fill up the form as Soon as possible .....*

**b2b.kdosamastamahajan.org**

- first 500 business will be posted free in our website in B2B portal.
- huge business opportunities amongst our community and their contact spheres awaits you. So don't wait and go for it.
- enhance your entraprenuerial skills by being part of eminent KDO business community.



# સગપણ સેતુ

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન- જ્ઞાતિમૈયાના માધ્યમથી જ્ઞાતિના લગ્નોત્સુક યુવક-યુવતીઓને યોગ્ય પાત્ર મળે એ માટે શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની સગપણ સેતુ સમિતિના સહકાર સહયોગથી સગપણ સેતુ નામથી વિભાગ શરૂ કરેલ છે.



આસુવિધાનોલાભલેવાજ્ઞાતિજનોપોતાનોસંપૂર્ણબાયોડેટા- ફોટાસાથે કન્વીનર મનીષા લાલકા(૯૮૨૦૫૪૫૭૩૪), જલ્પા લોડાયા(૯૮૬૭૬૧૫૯૧૩), જસ્મીન સાયલા, જસ્મીન ધુલ્લા. કલ્પેશ લોડાયા, હિતેશ નાગડા, રિતેશ ખોના, પ્રગ્નેશ નાગડા, વર્ષા લોડાયાનો સંપર્ક કરવો.



NAME :- NIKUNJ LAPASIYA

DATE OF BIRTH :- 01-03-1989

WEIGHT :- 60

HEIGHT :- 5'4

PLACE OF BIRTH :- NANDED
TQ. & DIST. NANDED (STATE MAHARASHTRA)

QUALIFICATION :- B.COM

MEDIUM OF LEARNING :- ENGLISH MEDIUM

JOB :- OWN BUSINESS

HOBBIES :- MOVIE

MOBILE NO. : 9158756777

FAMILY BACKGROUND

FATHER :- RAMESH LILADHAR LAPASIYA

MOTHER :- RAMILA RAMESH LAPASIYA

COMPLEXION :- FAIR

VILLAGE :- DALTUNGI

COMMUNITY :- KUTCHI

CASTE :- DASA

COUNTRY :- INDIA

MANGLIK :- YES

ADDRESS :- KALAMANDIR NEAR NEHRU ENGLISH SCHOOL, NANDED

**Gyatimaiya KDO Mahajan Code No. B-6**



NAME :- BINAL NARENDRA SHAH (DAND)

DATE OF BIRTH :- 08/11/1987

HEIGHT :- 5FT 0 INCH

WEIGHT :- 45 KG.

PLACE OF BIRTH :- MUMBAI.

QUALIFICATION :- B.COM.

MEDIUM OF LEARNING :- ENGLISH MEDIUM.

JOB :- SERVICE (ACCOUNTANT).

HOBBIES :- LISTENING SONGS AND TRAVELLING.

RELIGION :- JAIN (K.D.O)

NATIVE PLACE :- BHARUDIA (SUARASHTRA)

MOBILE NO. :- 9892969176

FAMILY BACKGROUND

FATHER :- NARENDRA DHANJI SHAH (DAND).

MOTHER :- PRITI NARENDRA SHAH (DAND).

SIBLINGS :- 1 BROTHER

BHAVESH NARENDRA SHAH (UNMARRIED)

GRAND FATHER :- DHANJI PADAMSHI DAND.

GRAND MOTHER :- MURBAI DHANJI DAND.

ADDRESS :- 616/P, LAXMI BLDG, ROOM MO. 28, 2ND FLOOR, N.M.JOSHI MARG, BYCULLA (W), MUMBAI – 400027. (UNDER REDEVELOPMENT).

TEMPERORY ADDRESS :- 3/52, SARASWATI BLDG, DR. S.S.RAO ROAD, OPP MANEK KUNJ, LALBAUG, MUMBAI – 400012.

**Gyatimaiya KDO Mahajan Code No. G-6**

નોંધ : જે પાત્રો સગપણ સંબંધે જોડાય તેઓ અમને જાણ કરે જેથી અમે અમારા રેકોર્ડમાં સુધારો કરી શકીએ.







# ચાલો દેવલાલી...અટ્ઠમ તપ કરવા...

‘ પોષ દસમ’ દેવાધિદેવશ્રી પાર્શ્વનાથ ભગવાનના જન્મ અને દીક્ષા કલ્યાણકથી પાવન દિવસોમાં માગસર વદી ૯-૧૦-૧૧ તિથિને તારીખ ૩૦-૩૧, ડિસેંબર અને ૧ જાન્યુઆરી તારીખમાં અઠ્ઠમ તપ આરાધનાનો સુઅવસર આપણી સમક્ષ આવી રહ્યો છે...

તપચક્ર ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી. ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞા એવં શુભાશીર્વાદથી એમના જ આજ્ઞાનુવર્તીની શાસન પ્રભાવિકા પ.પૂ.જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ.પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા.તથા પ.પૂ.હિમાશુશ્રીજી મ.સા.ની પ્રેરણા માર્ગદર્શન એવં નિશ્રામાં શ્રી અનંત આરોગ્યનિધિ ટ્રસ્ટના શ્રીમતી માલતીબેન જયંતિલાલ સોની સંકુલમાં વિમલ-ગુણોદય-મુક્તિ-જય આશિષે, શ્રી નવલ સદ્‌ગુણા નવગ્રહ ધ્યાનાલયમાં ત્રિદિવસીય આરાધના એવં અત્તરવારણા-પારણા સહ અહીં ત્રણ દિવસ રહેવાની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

સહુને આરાધનામાં ભાગ લેવા ભાવભર્યુ આમંત્રણ છે. તારીખ ૩૦ નવેમ્બર સુધી પોતાના નામ લખાવવા વિનંતિ

સંપર્ક સૂત્ર :- વિનોદભાઈ ડાઘા-૯૮૨૧૬૩૮૫૬૬, કેતન લોડાયા-૯૮૨૩૧૩૧૫૨૯, જિનાલીબેન વિક્રમશી-૯૮૬૯૮૨૨૬૬૦.

**જ્ઞાતિમૈયા માં**

**આપની કોઈપણ મેંટર અથવા જાહેરાત મોકલો**

Email Id : gyatimaiya2018@gmail.com

Email Id : mahajansamast@gmail.com

Website : www.kdosamastamahajan.org

**અથવા વૉટસએપ પર મોકલો**

**9769991922**

**9820302853**

**9322257731**

LAST FEW SEATS LEFT HURRY UP..... THE BEST OPPORTUNITY FOR THE YOUNGSTER - FILL THE FORM

Registeration Link : **http://bit.ly/regyouthfest2018**

Last Date : 25th October 2018

## Shree Samast KDO Jain Mahajan YUVA Committee Organise




So pull up your socks & get ready for

* Power Packed Seminars * Enlightment on Goal Setting * Vision Development * Treasure Hunt * Team Building Games * Campfire * Garba Night ......and much more

**Date: 23 Dec. 2018 To 25 Dec. 2018**

Criteria :

*** 16 yrs to 35 yrs Unmarried * Limited Seats**

*** No Entry Fees * Registration Compulsory**

Hope to see you all in Huge Numbers.

For Details Contact : **9769502277, 9579787800, 9769991922**

**Venue: Naliya, Kutch**

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# સભ્યોની તંદુરસ્તી માટે શ્રી કચ્છી દશા ઓસવાલ સર્વોદય મંડળ-મુલુંડની નવી પહેલ



શ્રી ક. દ. ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુંડના નેજા હેઠળ કચ્છ સ્થિત શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ દ્વારા સંચાલિત રતનવીર કુદરતી ઉપચાર કેન્દ્ર માં સ્વાસ્થ્ય  કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ૭૩ જણાંનું ગ્રુપ શનિવાર તા-૨૯ સપ્ટેમ્બરના કચ્છ એક્સપ્રેસ ટ્રેન  દ્વારા  રવાના થઈ તારીખ ૩૦ સપ્ટેમ્બરના ગાંધીધામ પહોંચ્યું હતું. ત્યાંથી બસ દ્વારા ભદ્રેસર



# સભ્યોની તંદુરસ્તી માટે સર્વોદય મંડળ-મુલુંડની નવી પહેલ (૨૨મા પાનેથી ચાલુ)



જિનાલયના દર્શન કરી કચ્છના બિદડા ગામે આરોગ્ય કેન્દ્રમાં પહોચ્યા હતા. કેન્દ્રમાં નોંધણીની પ્રક્રીયા પતાવી સભ્યોએ માંડવી સ્થિત ક. દ. ઓ. જ્ઞાતિનું ૧૩૫ વર્ષ જુના અજિતનાથ પ્રભુના દેરાસર તથા ૭૨ જિનાલય ,રાવલપીર નુ સ્થાન, કૃષ્ણજી વર્મા મેમોરિયલ તેમ જ શેરેના બીચ રીસોર્ટની મુલાકાત લીધી હતી.

પહેલી ઓક્ટોબરથી ૬ ઓક્ટોબર સુધી મંડળના સભ્યો એ બિદડા આરોગ્ય કેન્દ્રમાં રહી ત્યાંની આરોગ્ય સેવાઓ અને સાત્વિક ભોજનનો આનંદ માણ્યો હતો. આઠ દિવસીય કેમ્પમાં ૭૩ સભ્યો જોડાયા હતા.જેઓને કુદરતના સાનિધ્યમાં તંદુરસ્તીની જાળવણી અને જતન કરવા માટેના કુદરતી ઉપચારોનો લાભ મળ્યો હતો. જેમાં યોગ,એક્યુપ્રેશર, મસાજ,મડબાથ, મડપેક, ગરમ ઠંડા પાણીનાં સેક જેવી અનેક સુવિધાઓ, સભ્યોને કેન્દ્રમાં ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.




રવિવાર ૭મી ઓક્ટોબરે સવારના ગઢસીસા ગામે અચલગચ્છાધિપતી પ. પૂ. આચાર્ય શ્રી ગુણોદય સાગર મહારાજ સાહેબના વંદનાર્થે ગયા હતા ત્યારબાદ બપોરના બિદડા કેમ્પની પૂર્ણાહૂતિ નો કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યો હતો. જે કાર્યક્રમ માટે સર્વોદય મંડળના પદાધિકારીઓ ખાસ મુંબઈ થી પધારીને હાજર રહ્યા હતા. મંડળ તરફથી બિદડા સર્વોદય ટ્રસ્ટને મોમેન્ટો તથા પ્રશસ્તિ પત્ર અર્પણ કરવામાં આવેલ તથા કેમ્પમાં ભાગ લેનાર દરેક સભ્યોને મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ત્યારબાદ સભ્યોએ બસ દ્વારા ગાંધીધામ તરફ પ્રયાણ કર્યું. સર્વોદય મંડળ દ્વારા ગાંધીધામ સ્થિત ડો હર્ષ મેપાણી ની આંખની હોસ્પિટલ વાઇબ્રન્ટ આઈ કેર માં નેત્ર ચિકિત્સા નું આયોજન કરવામાં આવ્યું હતું. દરેક સભ્યોની આંખની તપાસ તથા જરુરી સારવાર આપવામા આવી. આંખ તપાસતી વખતે જરુર જણાતા ડો. હર્ષ મેપાણી દ્વારા સભ્યોના આંખની તાત્કાલિક ઉપચાર પણ કરવામાં આવેલ. ત્યારબાદ સાંજના ભોજનને ન્યાય આપી સભ્યોએ ગાંધીધામથી ટ્રેન દ્વારા મુંબઈ તરફ જવા પ્રયાણ આદર્યું. કેમ્પની ખાટી-મીઠી યાદો વાગોળતા દરેક સભ્યો સોમવારના તારીખ ૮ ઓક્ટોબર ૨૦૧૮ ના પોતપોતાના ઘરે પહોંચ્યા.

શ્રી ક.દ.ઓ જૈન સર્વોદય મંડળે આવો સ્વાસ્થ્ય કેમ્પ યોજી સભ્યોને નવું અને સ્વાસ્થ્યવર્ધક નજરાણું આપ્યું હતું.

# ચતુર્થ સંમેલન માટે જ્ઞાતિજનોના મંતવ્યો

## જ્ઞાતિ સંમેલન માટે આ જ સમય યોગ્ય છે



આજે જ્ઞાતિમાં ચર્ચા છે જ્ઞાતિના ચતુર્થ સંમેલનની. આ સંમેલનની ઘોષણા ૧૫ મહિના પહેલાં જ થઈ ગઈ હતી એની તૈયારીઓ તે વખતથી ચાલુ જ છે. હવે કમનસીબે કચ્છમાં વરસાદ પૂરતો ન થતાં કે અછત પરસ્થિતિ સામે ઊભી રહી ગઈ છે. ૧લી ઓક્ટોબરથી રાજ્ય સરકાર દ્વારા સમગ્ર જિલ્લાને અછતગ્રસ્ત જાહેર કરાયું છે.

આ પરિસ્થિતિ કોઈના દ્વારા નિર્મિત થઈ નથી તો પણ આ માટે ગહનતાથી વિચારવું જરૂરી છે. આ જ્ઞાતિ સંમેલનમાં જે કોઈ સહભાગી થશે. બે-ત્રણ દિવસ રોકાણ કરશે એમના દ્વારા ગાંધીધામથી નલિયા આવતા જતાં વાહન કરાશે, અન્ય તીર્થોની યાત્રા કરાશે, પ્રવાસ સ્થળોની મુલાકાત લેવાશે. એમના દ્વારા ખાદ્ય, ખોરાકી, ચીજ વસ્તુઓ ખરીદી કરાશે. અન્ય વસ્તુઓનું શોપીંગ થશે એનો વકરો સ્થાનિક વ્યાપારીઓને, ધંધાદારીઓને થશે. આ પૈસાથી એમના વ્યાપારમાં વધારો થશે. આમ આ પરોક્ષ રીતે સ્થાનિકજનોને આપણા જ્ઞાતિજનો દ્વારા સહાય થશે એ આ વખતના કપરા કાળમાં મદદરૂપ થશે. મુસીબત કાળમાં આમ આ સંમેલન દ્વારા ભગીરથ મદદ સ્થાનિક બજારને મળશે જે વ્યાપાર તંત્ર માટે ઉપયોગી થશે માટે આ સંમેલન અગાઉના ટાઈમટેબલ મુજબ જ થવું જોઈએ.

**– સી.એ. મિતેષ મધુકાંત ધરમશી (ગાંધીધામ)**

## સંમેલન નહીં, અધિવેશન કહો



આપણું આ સંમેલન આટલા મોટા પાયે થઇ રહ્યું છે એનાથી જ્ઞાતિના દરેક સભ્ય ગૌરવ અનુભવી રહ્યા છે, પરંતુ મારા મનમાં એક પ્રશ્ન થાય છે કે આ પ્રસંગને આપણે ફક્ત સંમેલન શા માટે કહેવું જોઇએ. આ પ્રસંગે અસંખ્ય પ્રતિનિધિઓ હાજરી આપવાના છે એ જોતા આ પ્રસંગને અધિવેશન અથવા મહાઅધિવેશન કહેવું જોઇએ એવો મારો નમ્ર મત છે. દાયકાઓ પહેલા આપણું પહેલું સંમેલન યોજાયું ત્યારે કદાચ એનું સ્વરૂપ એટલું મોટું નહીં હોય, પરંતુ હવે સંખ્યાથી માંડીને વિચાર સુધીનું બધુ વિસ્તરી ચુક્યું છે ત્યારે આપણે આ પ્રસંગને અધિવેશન ગણાવો જોઇએ.

**– કિરણ લખમશી મોતા (નલીયા)**

## સંમેલન દરમિયાન પૂરી સાદગી જાળવવામાં આવે



જ્ઞાતિના સંમેલનની ચર્ચા ચારે તરફ છે. જ્ઞાતિબંધુઓમાં આ પ્રસંગ નિમિત્તે જેટલો ઉત્સાહ છે એટલી અપેક્ષાઓ પણ સંમેલન પાસે સૌ રાખી રહ્યા છે. આમ છતાં છૂપી રીતે એવી ટીકા થઇ રહી છે કે કચ્છમાં દુકાળ છે ત્યારે આપણે મોટા પાયે આવું સંમેલન કરવું જોઈએ કે નહીં. દુકાળની સ્થિતિને ધ્યાનમાં રાખીને આયોજકોએ સંમેલનમાં શક્ય એટલી સાદગી જાળવવાનો પ્રયાસ કરવો જોઈએ. આયોજન સાથે સંકળાયેલા એક અગ્રણીએ મારી સાથેની વાતચીતમાં કહ્યું હતું કે આપણે કોઈ મોટી મિજબાની ઉજવવા માટે કે ભભકો દેખાડવા માટે આ સંમેલનનું આયોજન નથી કરી રહ્યા. સંમેલન દ્વારા જ્ઞાતિજનોને મદદરૂપ થવાની ખેવના છે, આયોજકોએ એ વાતનું પણ ખાસ ધ્યાન રાખવું જોઈએ કે સંમેલનન દરેક સત્રમાં સાદગી જાળવવામાં આવે અને કોઈ જ પ્રકારનો બગાડ ન થાય.

**– રાજેશ લખમશી મોતા (નલીયા)**

## ચતુર્થ જ્ઞાતિ સંમેલન યોજાવું જ જોઈએ



મુંબઈવાળા જે કોઈ કહે છે કે દુષ્કાળના સમયમાં સંમેલન ન રાખવું જોઈએ, દુષ્કાળ કે એવી કપરી પરિસ્થિતિ તો આવતી રહેશે. એના માટે સંમેલન ન રખાય એવું નથી. સંમેલન તો થવું જોઈએ. આપણે ઘરના સંસારી કાર્યો જેવા કે લગ્નપ્રસંગે વિગેરે ઉજવી છીએ. તેવી રીતે આ પણ સંમેલન થવું જ જોઈએ. સાથોસાથ સંમેલનમાં જીવદયાના કાર્ય માટે ફંડની અપીલ કરવી જોઈએ. જીવદયા ફંડ જમા કરી ગૌસેવામાં આપણે આ રીતે મદદ કરી શકીએ છીએ.

**– અ.સૌ.અમિતાબેન તિલકચંદ મોમાયા (જખૌ) સ્થાનિક ટ્રસ્ટી જખૌ પાંજરાપોળ**


AWARD WINNER
VEENA NAGDA
Rotary club of Mumbai Down
Town Sealand Rotary, Vocational
Excellence Award
Call
9820431717
Bollywood Mehendi Academy
We also book bridal & Party Order
Email : veenanagda17@gmail.com


Chandresh Somchand Lodaya
(+91) 98671 70789 • 98671 70794
WORK IS WORSHIP
MA OM
PARIVAHAN
PVT. LTD.
Tel. : 022-21636403 / 05 Fax : 022-21636394
Email : somchand@maom.net
Web : www.maomparivahan.com
❖❖❖ WAREHOUSE ❖❖❖
Mumbra-Panvel Road, Dahisar (Mori), Dist. Thane
M. : 9867170790 / 781


જ્ઞાતિમૈયાના જૂના અંકો જોવા-વાંચવા માટે જુઓ
www.kdosamastamahajan.org
JOB FAIR
આમાં છેલ્લામાં છેલ્લો અંક ઉપરાંત અગાઉના બધા અંક જોવા-વાંચવા મળશે
પીડીએફ નકલ ડાઉનલોડ કરી પ્રિન્ટ હાથ વગી કરી શકશો




● ભચમાં સ્થાનક વાસી છ કોટી જૈન સંઘ અજરામર સંપ્રદાયના ચાર્તુમાસે બિરાજમાન મહાસતી નમસ્કૃતિમાં મ.સા.પર થયેલા હિચકારા હુમલા ના બનાવ ના વિરોધમાં પૂર્વ રાજ્ય મંત્રી તારાચંદ છેડા જૈન સાત સંઘ પ્રમુખ મુકેશભાઈ ઝવેરી ઉપરાંત જૈન સંઘના હોદેદારો તથા આગ્રણીઓ જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપી આ પ્રકરણમાં ઊંડો તપાસ કરી હુમલાખોરોને પટકડી ધાક બેસાડતી કાર્યવાહી કરવા માંગ કરી છે.

● દેશ દેવી આશાપુરાના દર્શને જતા પદયાત્રીઓને સેવામાં મુસ્લિમ યુવા સંગઠનના યુવાન મિત્રો અનોખી સેવા કરે છે. પગપાળાનો જતાં પદયાત્રીઓ રાત્રે હાઈવે પર અકસ્માતના ભોગ ન બનેતે માટે અંજારથી શેખ પીર સુધી કેમ્પ યોજીને પદયાત્રીઓના થેલા પર રેડિયમ પટ્ટી લગાડી હતી જેથી વાહનોની લાઈટ તેના પર પડતાં નાની મોટી દુર્ઘટના થતી અટકે.

● શ્રાદ્ધપક્ષના દિવસોમાં પિતૃ પક્ષી કાગડાઓને ખવડાવવાની ચાલ પ્રચલિત છે. પણ ભુજના ખેંગાર પાર્કમાં વૉક વે પર રોજ સવારે ૯.૩૦ થી ૧૧.૦૦ વાગ્યા સુધી કાગડાઓનો કુંભ મેળો ભરાય છે એસ.ટી. વર્ક શોપના નિવૃત ઈલેકટ્રિશીયન ડાયાભાઈ જેરામ ખત્રી છેલ્લાં ૧૯ વર્ષથી થેલામાંથી ડબ્બામાં રહેલી સેવ મમરા હથેળીમાં મૂકતાની સાથે સેકંડો કાગડા તેમના હાથ કે અંગ પર બેસી ખોરાક આરોગે છે.

● ઓકટોબરની અગ્ન વર્ષા અને ધોમધખ્ખા તાપ છતાં પોતાના લક્ષ્ય તરફ ડગ માંડતા આશાપુરા ભક્તો પગ પાળા પોતાની મંઝિલ તરફ આગે કૂચ કરતા હોય છે. મુંબઈના ૬૯ વર્ષના વડીલ વલ્લભભાઈ ગોરધનદાસ બદિયાણી માર્ગ પર કોલન વોટર, ગુલાબ જળ, બરફ અને ઠંડાપાણી સાથે તૈયાર થયેલું શીતલજળનો પદયાત્રીઓના ચહેરા આંખ ઉપર ફુવારાથી છંટકાવકરી આંખને ઠંડક મળે છે. થાક ઉતરી જાય છે. મોઢું ફ્રેશ થઈ જાય છે. છેલ્લાં આઠ વર્ષથી પદયાત્રીઓનો પડાવ હોય છે. ત્યા આ સેવા આપે છે. તેઓ મિરજાપર પર પાસે સેવાકેમ્પ લગાવે છે. ચા-પાણી નાસ્તો તેમજ આઈસ્ક્રીમની સેવા આપે છે.

● અબડાસા તાલુકામાં કપાસનો પાક ઉતરવાનું શરૂ થતાં કપાસનો જથ્થો ખરીદવા વેપારીઓ અને દલાલોનાં ધાડા ઉતરી પડ્યાં છે. આ પૈકી કેટલાક વેપારી દલાલો વજનમાં ગોલમાલ કરી ખેડૂતો સાથે છેતરપીંડી કરી રહ્યાં હોવાની ફરિયાદ ઊઠી છે. આવો એક કિસ્સો વાકું ગામની વાડી વિસ્તારમાં બન્યો હતો. વજનમાં સાતેક મણ(૨૮૦ કિ. ગ્રા.) જેની કિંમત રૂ. પંદરથી સોળ હજાર થવા જાય છે. વજનમાં ગોલમાલ કરી રહેલા નાગોરના દલાલને ખેડૂતોએ પકડી લેતાં બબાલ થઈ હતી પણ વૈપારી માફી માંગી રકમ ચૂકતે કરતા મામલો માંડ થાળે પડ્યો હતો.

● નાનપણથી જ બાળકો ગાંધીજીને જાણે સમજે તેમના દર્શાવેલા સત્યના માર્ગે ચાલે તે ઉદેશથી ગાંધી વિચારની પરીક્ષાઓ લેવાઈ હતી. જેમાં ગુજરાત વિધામઠ આમદાવાદ દ્વારા ગાંધીજીના જીવનને નવી પેઢી જાણે સમજે કે માટે ગાંધી વિચાર, પ્રચાર પરીક્ષા ભુજના ઓલ્ફેડ હાઈસ્કૂલ સામે ગાંધીજીની પ્રતિમા ખાતે યોજાઈ જેમાં ૪૮ બાળકો પરીક્ષા આપી.

● તાજેતરમાં મલેશિયામાં યોજાયેલી એશિયન પેસેફિક ગેઈમ્સમાં વરિષ્ઠ નાગરિકની શ્રેણીમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતા આદીપુરના ઉષાબેન ગોસ્વામીએ વરિષ્ઠ નાગરિકને શ્રેણીમાં એક સુર્વણ, ત્રણ રજત જ્યારે એકકાંસ્ય ચંદ્રક પ્રાપ્ત કર્યા, તેમણે જીતેલા ચંદ્રકો ગોળા ફેક, ડિસ્ક થ્રો, હેમર અને જ્વેલિયન થ્રો તથા ૪૦૦ મીટર રિલેમાં મળ્યા છે. આદિપુર જયઅંબે શક્તિ મહિલા મંડળના માધ્યમથી સામાજિક સેવા કરતાં ઉષાબેન સ્ત્રી ધારેતો શું શું કરી શકે તે સાબિત કર્યુ છે.

# ૧૦૮ પાર્શ્વનાથ આરાધના (૧૦૮ એકાસણા) પૂર્ણ કરનાર આરાધકોનું બહુમાન કરાશે

તપસ્વીરત્ન અચલગચ્છધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિ મ.સા.ની આજ્ઞા એવં શુભાર્શીવાદથી એમનાજ આજ્ઞાનુંવર્તીની શાસન પ્રભાવિકા પ.પૂ.જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ.પૂ.જયદર્શિતા શ્રીજી મ.સા. તથા પ.પૂ. હિમાંશુશ્રીજી મ.સા.ની પ્રેરણાથી જેમણે ગતવર્ષમાં ૧૦૮ પાર્શ્વનાથની આરાધના પૂર્ણ કરી છે એવા સર્વ આરાધકોના અંતિમ એકાસણા અને બહુમાનનો કાર્યક્રમ તા.૧ જાન્યુઆરી ૨૦૧૯ ના દેવલાલી મુકામે આયોજીત કરવામાં આવ્યો છે. તો જેમણે ૧૦૮ એકાસણા/આયંબીલ પૂર્ણ કર્યા છે એમણે પોતાનું નામ લખાવી બહુમાનાર્થે પધારવા હાર્દિક આમંત્રણ છે.

એકાસણા તથા બહુમાન તા. ૧ જાન્યુઆરી ૨૦૧૯, સ્થળ શ્રી અનંત આરોગ્ય નિધિ શ્રી નવલ-સદ્દગુણા નવગ્રહ ધ્યાનાલય-સૌભાગ્યનગર દેવલાલી-નાસિક

સંપર્ક સૂત્ર : લતાબેન વિક્રમશી-૯૩૨૩૯૪૪૧૧૭, મનિષાબેન ખોના- ૯૬૬૪૭૯૮૩૯૮,


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા




શુભેચ્છા સહ :- માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર (ગામ - સાયરા)

# વારાપધ્ધર તીર્થે પર્યુષણ પર્વની ભક્તિ આરાધના

વારાપધ્ધર નગરે બીરાજમાન મુળનાયકશ્રી આદીનાથદાદાની છત્ર છાયામાં પર્યુષણ પર્વ હર્ષોલ્લાસથી ઉજવવામાં આવ્યો. મુંબઈ તથા દેશાવરથી બહોળી સંખ્યામાં વારાપધ્ધર વાસીઓ પધારેલ. વાંચન માટે આર્યરક્ષીત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠની બહેનો સારી આરાધના કરાવી હતી. 'કલ્પસુત્ર' શ્રી પરિન અરવિંદ લોડાયાનાં ઘરે પધરાવવામાં આવેલ તથા પ્રભુ મહાવીર સ્વામીના પારણાનો લાભ શ્રી મનન ભરત લોડાયા એવમ પરિવારે લાભ લીધેલ.











# વારાપધ્ધર તીર્થે પર્યુષણ પર્વની ભક્તિ આરાધના (૨૮મા પાનેથી ચાલુ)





શ્રી મહાવીર સ્વામી જન્મ વાંચન, સ્વપ્નાનું ધૃત ૨૫૫૯૨ મણ તથા કુલ્લ ધૃત ઉછામણી ૫૯૯૫૬ મણ થયેલ.

ભાદરવા સુદ ૫ સંવત્સરીનાં દિવસે બારસોસુત્ર વહોરવવાનું લાભ માતુશ્રી ધનબાઈ ધનજી લાલકા પરિવારે લીધેલ. પર્વના દિવસો દરમ્યાન વિવિધ પૂજનોનું તેમજ દરરોજ રાત્રી પ્રભુજીની ભાવના શ્રી જયેશ મણીલાલ મોમાયા, હૈદ્રાબાદ (વારાપધ્ધર) અને સાથી કલાકારો દ્વારા ભક્તિમય રીતે કરાવવામાં આવેલ. પૂજન અંતર્ગત શ્રી સિદ્ધચક્ર મહાપૂજનનો લાભ શ્રીમતિ પ્રેમીલાબેન મહેન્દ્ર મોતા પરિવારે તેમજ શ્રી પદ્માવતિમાતાજીના પૂજનનો લાભ શ્રી શીતલકુમાર લક્ષ્મીચંદ છેડા પરિવારે લીધેલ. ભાદરવા સુદ ૭ના પંચતીર્થી કરતા ગુરૂભગવંતોના દર્શન વંદનનો લાભ લીધેલ. પર્વની આરાધના ટ્રસ્ટીશ્રી અરવિંદ લાલજી લોડાયાની રાહબરી હેઠળ તેમજ પર્વ દરમ્યાન સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે ભાવિન દિલીપ લોડાયા, ભુપેન્દ્ર લાલજી લોડાયા, ભુપેન્દ્ર વિકમશી, ભરત લોડાયા, લહેરચંદ શીયાડ, કલ્પેશ મોમાયા તથા સ્થાનીક સર્વે જૈનેતર ભાઈઓએ ખુબજ સરસ સાથ સહકાર આપેલ.



**નવા/બદલાયેલા/સરનામા/ફોન - (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)**

**ભરત એમ.મૈશેરી/પરેશ મૈશેરી** ફ્લેટ નં.૯૦૧, ૯મા માળે, લક્ષ્મી મહાદેવ નિવાસ, સેવારામ લાલવાની રોડ, ટી.એમ.બી. બેંકની ઉપર, મુલુંડ(વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. મહારાષ્ટ્ર

# જીવન ઘટમાળ

## ● જન્મ નોંધ ●

| | | | | |
|---|---|---|---|---|
| ૦૬-૦૬-૨૦૧૮ | સાયન | શારવ કોનિકા પ્રતિક હરેશ ખોના | નલિયા | પુત્ર |
| ૦૪-૧૦-૨૦૧૮ | ભાંડુપ | હયાંશ પ્રિયા રીન્કેશ મુલરાજ મૈશેરી | કુવાપધર | પુત્ર |

## ● જ્ઞાતિ સગપણ ●

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪-૧૦-૨૦૧૮ | ઈન્દોર | કેવલ રાજેશ દિનેશ ધરમશી | સાયરા | ૨૮ |
| | ખંડવા | મેધના સંજય દામજી ધુલ્લા | સુથરી | ૨૫ |
| ૧૫-૧૦-૨૦૧૮ | ડોમ્બિવલી | કેવલ ચંદ્રકાંત લાલજી શાહ(લોડાયા) | વારાપધ્ધર | ૨૫ |
| | ગાંધીધામ | વીની અક્ષય રમેશ દંડ | તેરા | ૨૧ |
| ૧૬-૧૦-૨૦૧૮ | મુલુંડ | રોનક હીરાચંદ લખમશી છેડા | નલિયા | ૨૭ |
| | ઉંઝા | અવની શૈલેશ દેવજી ધુલ્લા | સુથરી | ૨૪ |
| ૧૬-૧૦-૨૦૧૮ | અંધેરી | મીત યોગેશ વેલજી વોરા | રંગપુરી | ૨૪ |
| | મુલુંડ | ટ્વિંકલ મયુર લાલજી વોરા | તેરા | ૨૪ |
| ૧૮-૧૦-૨૦૧૮ | ડોમ્બિવલી | રાહુલ દિનેશ કેશવજી લોડાયા | મોટી ખાવડી | ૨૮ |
| | ડોમ્બિવલી | એકતા નરેન્દ્ર ચંદુલાલ માલદે | દલતુંગી | ૨૫ |
| ૧૮-૧૦-૨૦૧૮ | ડોમ્બિવલી | જીજ્ઞેશ જગદીશ ભાણજી લોડાયા | સેવક ભરૂડિયા | ૨૮ |
| | રાજકોટ | જલ્પા અરવિંદ કુંવરજી દંડ | સેવક ભરૂડિયા | ૨૫ |

## ● આંતરજ્ઞાતિ સગપણ ●

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪-૧૦-૨૦૧૮ | ભાંડુપ | હાર્દિક કીર્તિ મૂલજી ધરમશી | સુથરી | ૨૬ |
| | ભાંડુપ | ક્રીમિષા પ્રમોદ તારાચંદ શાહ | થાનગઢ | ૨૪ |
| ૧૪-૧૦-૨૦૧૮ | ડોમ્બિવલી | હેત દીપક ચંદુલાલ દંડ | ધ્રાફા | ૨૫ |
| | ડોમ્બિવલી | કિન્નરી ભરત વ્રજલાલ લાઠીયા | બીલખા | ૨૫ |
| ૧૪-૧૦-૨૦૧૮ | સાંન્તાક્રુઝ | વત્સલ કિરણભાઈ હંસરાજ લાપસિયા | દલતુંગી | ૨૭ |
| | અંધેરી | સેજલ વિવેક રમેશ પ્રધાન | જલગામ | ૨૬ |
| ૧૮-૧૦-૨૦૧૮ | યુ.એસ.એ. | અભિષેક વિનોદ ખંડેલવાલ | ઈન્દોર | ૨૮ |
| | ચીંચવડ | તેજલ અજય વીરચંદ દંડ | તેરા | ૨૭ |
| ૧૮-૧૦-૨૦૧૮ | મુલુંડ | પ્રતિક વસંત મેઘજી ગોસર | મોટી ઉનડોઠ | ૨૬ |
| | મુલુંડ | રૂચિતા મયુર અભયકુમાર મૈશેરી | નલિયા | ૨૬ |
| ૧૮-૧૦-૨૦૧૮ | થાણે | હર્ષ જયેશ રમેશચંદ્ર મૈશેરી | સાંધાણ | ૨૭ |
| | થાણે | અનીતા સંતોષ કુમારન નાયર | પેરૂમબવૂર | ૨૭ |

## ● મરણ નોંધ ●

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫-૧૦-૨૦૧૮ | મુલુંડ | રતીલાલ વાલજી લોડાયા | સુથરી | ૮૮ |
| ૧૫-૧૦-૨૦૧૮ | વડાલા | જયાબેન રામચંદ લોડાયા | દલતુંગી | ૮૨ |
| ૧૬-૧૦-૨૦૧૮ | થાણે | કાંતીલાલ શિવજી લાપસીયા | સાંયરા | ૬૬ |
| ૧૯-૧૦-૨૦૧૮ | ઘાટકોપર | કિશોર ભવાનજી નાગડા | નલિયા | ૫૮ |
| ૨૧-૧૦-૨૦૧૮ | રાયપુર | પુષ્પા મોતિચંદ શિયાલ | જખૌ | ૭૮ |

# NOW SAVE UPTO 99%# ON PREMIUM OF YOUR COMMERCIAL VEHICLES*

## (ZERO DEP COVER ALSO AVAILABLE)



# VALID TILL 15/11/2018

* T&C APPLY

insurancekhoj.com™

the ultimate stop for insurance ™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

|| શ્રી અનંતનાથાય નમઃ ||



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

## દ્વારા આયોજીત

**યજમાન : શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન, નલિયા**

**સ્થળ : શેઠ શ્રી ભવાનજી અરજણ ખીમજી નગર, નલિયા અબડાસા, કચ્છ**

**મુખ્ય સહયોગી : શેઠ શ્રી ભવાનજી અરજણ ખીમજી, કચ્છ તેરા, માટુંગા**

**હસ્તે શેઠશ્રી હંસ બી. ખીમજી, તેરા માટુંગા**

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિજનો જોગ,

સવિનય જણાવવાનું જે **શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જ્ઞાતીનું ચર્તુથ સંમેલન તા.૨૩, ૨૪ અને ૨૫ ડિસેમ્બર ૨૦૧૮ના રવિવાર, સોમવાર અને મંગળવાર** ના દિવસે નલીયા મુકામે **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, નલીયા**ના યજમાન પદે આયોજન કરવામાં આવી રહ્યું છે. જેની નોંધ લેશોજી.

આ અંગેની વધુ માહિતીઓ જ્ઞાતિના તમામ મહાજનોને ટુંક સમયમાં મોકલવામાં આવશે.

સર્વે જ્ઞાતીજનો, જ્ઞાતી સંસ્થાના પદાધિકારીઓને જાણ થાય કે આ સમય દરમ્યાન પોતપોતાના અંગત તથા સંસ્થાગત કાર્યો ગોઠવવા નહી, જેથી જ્ઞાતિજનો સંમેલનમાં ભાગ લઈ શકે.

સંમેલન પ્રસંગે પધારનાર પ્રતિનિધિઓને **તા.૨૨-૧૨-૨૦૧૮ શનિવાર** ના નલિયા મુકામે પહોંચવાનું રહેશે.

**નીશિથ એ. દંડ**

**(સેકેટરી જનરલ)**

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

(ધી બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ આર નં.એ ૩૯૨૬ (મુંબઈ) ૧૯૯૨)

mahajansamast@gmail.com

**Gyatimaiya**
Weekly E-magazine